# પ્રાંતિજ ખાતે તાલુકા કિસાન કોંગ્રેસ દ્વારા વિવિધ માંગણીઓને લઈને આવેદનપત્ર આપ્યું

પ્રાંતિજ તા.૭

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ખાતે તાલુકા કિસાન કોગ્રેસ પ્રાંતિજ દ્વારા વિધાર્થીઓ અને ખેડૂતોને પડતી મુશ્કેલીઓ દુર કરવા સહિત ની વિવિધ માંગણીઓ સાથે પ્રાંતિજ મામલતદાર ને આવેદનપત્ર



આપી રજુઆત કરી

તાલુકા કિસાન કોગ્રેસ પ્રાંતિજ દ્વારા આજરોજ પ્રાંતિજ મામલતદાર કચેરી ખાતે આવીને વિધાર્થીઓ અને ખેડૂતોને પડતી વિવિધ મુશ્કેલીઓ દુર કરવા માટે તથા સરકાર દ્વારા યોગ્ય પગલા ભરવા માટે તથા પ્રાંતિજ મામલતદાર દ્વારા ગુજરાત મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ સુધી પોહચાડવામા આવે તેવી માંગણીઓ સાથે પ્રાંતિજ મામલતદાર એચ.પી.ભગોરા ને આવેદનપત્ર આપ્યુ હતુ જેમા વિધાર્થીઓ દ્વારા પ્રથમ સત્ર ૨૦૧૯/૨૦ મા ટેબ્લેટ માટે ફી ભરેલી હોવા છતાય આજદિન સુધી ટેબ્લેટ મળેલ નથી જેથી તાત્કાલિક ટેબ્લેટ મળે તેવી વ્યવસ્થા કરવા , ખેડૂતોને ૮ કલાક વિજળી સગળ મળે અને ચોક્કસ સમય પર મળે તે માટે યોગ્ય વ્યવસ્થા કરવામા આવે , ખાતર મા ભાવ વધારો તાત્કાલિક પાછો ખેંચવા મા આવે સલ્ફેટ , પોટાશ , ડીએપી , વોટર સોલેબલ અને અન્ય ખાતર ના ભાવ પાછો ખેંચવા મા આવે , ખેતી વિષયક વીજ જોડાણ મા મીટર પ્રથા નાબુદ કરી ટેરિફ પ્રમાણે વીજ જોડાણ આપવામા આવે , ખેડૂતોને જમીન વારસાઈ મા આડી લીટી નાબુદ કરી મીનીમમ ચાર્જ કરી વારસાઈ કરવા બાબત , ખેડૂતોના પાક એટલે ઘઉં બાજરી જુવાર મકાઈ કપાસ મગફળી તલ ચણા રાયડો એરંડા બટાકા વગેરે ના પોષણ ભાવ મળે તે બાબતે વ્યસ્થાઓ કરવા તથા ખેતી વિષયક દવાઓ, ડીઝલ, સાધનો,વાહનો ટ્રેક્ટર અને તને લગતી સાધનો મા અને ખેતીમા ઉપયોગી તમામ વસ્તુઓ ઉપર થી જીએસટી દુર કરવા સહિત ની રજુઆતો સાથે આવેદનપત્ર આપ્યુ હતુ તો આ પ્રસંગે તાલુકા કિસાન કોગ્રેસ પ્રાંતિજ ના પ્રમુખ પટેલ વિનયકુમાર ધનજીભાઈ, કોગ્રેસ તાલુકા પ્રમુખ અમરીશભાઈ પટેલ , તાલુકા સદસ્ય રાજ પટેલ , નૂતન ભાઈ પરમાર , ઉમેશ ભાઈ પટેલ સહિત કોંગ્રેસ કાર્યકરો આગેવાનો ઉપસ્થિત રહીને આવેદનપત્ર આપ્યુ હતુ.

## આજે વિશ્વ મહિલા દિવસની ઉજવણી

# ઉત્તર ગુજરાતની પતિથી દૂર ફરજ બજાવતી મહિલા શિક્ષિકાઓને વતનના જિલ્લામાં નિમણૂંક આપવાનો પ્રશ્ન ઉકલ્યો

## ગુજરાત સરકાર સાચા અર્થમાં સંવેદનશીલ બની

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૭

આજે તા.૮ માર્ચ સમગ્ર રાજ્ય, દેશ અને વિશ્વમાં મહિલા દિવસની ઉજવણી કરાશે. ગુજરાતમાં પણ મહિલાઓને પુરૂષ સમોવડીયું સ્થાન મળ્યું છે. ત્યારે ઉત્તર ગુજરાતની પતિથી દૂર ફરજ બજાવતી મહિલા શિક્ષિકાઓને વતનના જિલ્લામાં નિમણૂંક આપવાની કેટલાય શિક્ષક પતિદેવોએ સરકાર સમક્ષ માંગ કરી છે. ગુજરાત સરકાર મહિલા દિવસની ઉજવણીને સાર્થક કરતી દેખાડી હોય તે રીતે પતિ-પત્નીના જોડાં વતનમાં ભેગાં થાય તે પ્રકારે નિર્ણય લેતાં ગુજરાત સરકાર સાચા અર્થમાં સંવેદનશીલ બની હોય તેવું ચિત્ર ઉપસ્યું છે.

વર્ષો પસાર થાય તેમ બદલીના નિયમો બદલાઈ રહ્યા છે. જેના કારણે ઉત્તર ગુજરાતની અનેક શિક્ષિકાઓને નિવૃત્તિના આરે પહોંચ્યા છતાં વતનનો લાભ નસીબ થયો નથી તેમાંય પતિ શિક્ષક હોય અને માદરે વતનના જિલ્લામાં તે ફરજ બજાવે ત્યારે મહિલા શિક્ષિકાઓને પતિ, બાળકો અને પરિવારથી ૨૦૦ થી ૪૦૦ કી.મી. દૂર રહેવાની નોબત આવતી હોય છે. દર વર્ષે જિલ્લા ફેર બદલીના કેમ્પ યોજાય છે પરંતુ દર વર્ષે નિયમો બદલાવ આવવાના કારણે અનેક શિક્ષકાઓ નિવૃત્ત થઈ પરંતુ વતનનો લાભ મળ્યો નહીં. ત્યારે પ્રાંતિજ તાલુકાના એક શિક્ષકે બે વર્ષ અગાઉ રાજ્યના મુખ્યમંત્રીને પત્ર લખીને વિશ્વ મહિલા દિવસની ઉજવણીને સાર્થક કરવા માટે પતિ અને પરિવારથી દૂર દુર ફરજ બજાવતી શિક્ષિકાઓને વતનનો લાભ નસીબ કરાવે. તેઓએ જણાવ્યું છે કે મહિલા દિનની સાચી રીતે સરકાર ઉજવણી કરતી હોય અને મહિલાઓને સરકાર સન્માન આપવા માગતી હોય તો ખરેખર આવી દૂરના જિલ્લાઓમાં એકલવાયા રહી ફરજ બજાવતી મહિલા શિક્ષિકાઓને પોતાના પતિ, પરિવારો સાથે વતનના જિલ્લાઓમાં ફરજ બજાવવાનો અવસર પ્રાપ્ત કરાવે તો સાચા અર્થમાં ઉજવણી સાર્થક કહેવાશે. રાજ્યના નવા મુખ્યમંત્રી અને શિક્ષણમંત્રીએ સાચા અર્થમાં મહિલા દિવસની ઉજવણી સાર્થક કરી દેખાડી છે. રાજ્યના વિદ્યાસહાયક, પ્રાથમિક શિક્ષકો અને મુખ્ય શિક્ષકોની બદલીના નિયમોમાં ઐતિહાસિક ફેરફાર કરાયા છે. અત્યાર સુધી જેતે જિલ્લામાં ખાલી જગ્યાના ૪૦ ટકા શિક્ષકોને જિલ્લા ફેરબદલીનો લાભ અપાતો હતો જે હવે ૧૦૦ ટકા જગ્યા પર જિલ્લા ફેરફદલીનો લાભ આપવામાં આવશે. જિલ્લા ફેર, અરસ-પરસ અને જિલ્લા આંતરિક અરસ-પરસ બદલીમાં સંબંધિત શિક્ષકોની વતન હોવા જરૂરી હતા જે જોગવાઈ દૂર કરવામાં આવી છે. ૧૦ વર્ષે એક જ જગ્યાએ નોકરી કરવાની શરતે જે શિક્ષકોને નિમણુંક આપવામાં આવી છે તેવા શિક્ષકો પણ ૫ વર્ષ પછી પણ બદલી માટે અરજી કરી શકશે. પતિ-પત્નીના કિસ્સાનો લાભ હવેથી અનુદાનિત સંસ્થાઓ, ગુજરાત સરકારના જાહેર સાહસો, કેન્દ્ર અને રાજ્ય સરકારની સરકારી કંપનીઓના કિસ્સામાં પણ મળવાપાત્ર થશે તેવો નિર્ણય કરતા સાચા અર્થમાં મહિલા દિવસની ઉજવણી સાકાર થઈ રહી છે.

## જન્મદિને વધામણી



પરસોતમભાઈ પટેલ
ન્યૂ ઈન્ડિયા ટાયર
બાયડ જીલ્લો અરવલ્લી



માનવ જયસ્વાલ.
ખેરાલુ , મેહસાણા



ભાવેશ પટેલ
ફાર્માસિસ્ટ
હઠીપુરા તા.બાયડ



મનીષા વિશ્વાસ કુમાર
પટેલ
અમદાવાદ



વીરંગ પી પટેલ
સ્વામિનારાયણ સોસાયટી
વિભાગ-૨
બાયડ જીલ્લો અરવલ્લી



જગદીશભાઈ પટેલ
વૃંદાવન સોસાયટી
બાયડ જીલ્લો અરવલ્લી



ડો. અરવિંદભાઈ ભાટીયા
બાયડ જીલ્લો અરવલ્લી



રાજનભાઈ કે .કવિ
નીલકંઠ નગર સોસાયટી
બાયડ જીલ્લો અરવલ્લી

# ખડોદા ગામની ૧૦ માસની અસાધ્ય રોગથી પીડાતી બાળકી માટે એક યુવક કઈ રીતે મદદગાર બન્યો...

મોડાસા, તા. ૭

મોડાસાના ઉમેદપુરના અને અમદાવાદમાં પત્રકાર તરીકે કાર્યરત નિકુલ પટેલએ પત્રકારત્વ દરમિયાન કમાણી કરેલ સબંધ ગંભીર રોગથી પીડાતી ગરીબ પરિવારની બાળકી માટે આશીર્વાદ બન્યા હતા. કહેવાય છે કે જેને બચાવનાર ઉપર વાળો હોય તેને મારનાર કોઈ નથી.આ કહેવત અરવલ્લી જિલ્લામાં સાબિત થઈ છે.મોડાસા તાલુકાના ખડોડા ગામની એક માસૂમ માત્ર ૧૦ માસની દીકરી જન્મ તાની સાથે જન્મજાત બીમારીમાં સપડાઈ.દીકરીના જન્મ બાદ તેને ગંભીર પ્રકારની જન્મ જાત બીમારી હોવાનું તબીબોએ જણાવ્યું.દીકરીના જન્મ થી ખુશખુશાલ પરિવારમાં એકાએક ગમગીની છવાઈ.દીકરીની સારવાર માટે એક પિતાએ તમામ તૈયારીઓ દર્શાવી અને દીકરીની સારવાર માટે અનેક ડોકટરો પાસે પહોંચ્યા.આ પરિવાર ખેતીકામ અને છૂટક મજૂરી કરી પોતાનું ગુજરાન ચલાવતો હતો.૧૦ માસની માસૂમને એક અતિ જટિલ સર્જરી કરવી પડે તેમ હતી.ડોકટરો દ્વારા દોઢ થી બે લાખ ખર્ચ થશે તેમ કહેવામાં



આવ્યું.પરિવાર પાસે માસૂમ દીકરીને બચાવવા માટે વધારે પૈસા ન હતા પરંતુ એક બાપ દીકરીને બચાવવા માટે તમામ પ્રકારની તૈયારીઓ દર્શાવી.દીકરી માટે સતત મોડાસા થી અમદાવાદ સુધીના ડોકટરોને સારવાર માટે બતાવવામાં આવ્યું.સારવાર ખર્ચ વધે તેમ હતો.તેવામાં કેટલાક જાગૃત લોકો દ્વારા માસૂમ વૈશાલી ની સારવાર માટે દાન એકત્ર કરવા માટે સોશિયલ મીડિયા કર કેમ્પેઇન શરૂ કરવામાં આવ્યું જેમાં એક સી.બી.આઇ બેંક નો એકાઉન્ટ નંબર જાહેર કરી એક પોસ્ટ બનાવી મદદ માટે સોશિયલ મીડિયામાં વાયરલ કરવામાં આવી.દીકરીના જન્મ ના ૧૦ મહિના વીતી ચૂક્યા હતા સર્જરી જેટલી જલદી થાય તેટલી જરૂરી હતું. માતા પિતા સહિત સૌ કોઈ સગા સબંધીઓ ચિંતિત હતા.

સોશિયલ મીડિયામાં દીકરીની મદદ માટે બનાવવામાં આવેલી પોસ્ટ વાયરલ થઈ રહી હતી અને તે પોસ્ટને અરવલ્લી જિલ્લા તમામ વોટસઅપ ગ્રુપમાં મૂકવામાં આવી.જેમાંથી કોઈ એક અજાણી વ્યક્તિ દ્વારા પણ દીકરીની મદદ માટે પોસ્ટ કરવામાં આવી અને તે પોસ્ટ અમદાવાદ માં રહેતા અને મોડાસા તાલુકાના ઉમેદપુર (દધાલિયા) ગામના વતની નિકુલ પટેલ સુધી પહોંચી.વોટસઅપમાં આવેલી પોસ્ટ જોતાની સાથેજ સોશિયલ મીડિયામાં ફરી રહેલા બેનર માં બેંક એકાઉન્ટ નંબર ની સાથે દીકરીના પિતાનો આપેલ નંબર પર નિકુલ પટેલે ફોન કરી બાળકીની ગંભીર બીમારી અંગે વિસ્તૃત માહિતી મેળવી યુવકે પિતાને પૈસાની ચિંતા કર્યા વગર અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં બોલાવી લીધા હતા.પીડિયાટ્રિક સર્જરીના નિષ્ણાત ગણાતા અને સિવિલ હોસ્પિટલના સુપરિટેન્ડેન્ટ ડૉ.રાકેશ જોષીએ ૧૦ મહિનાની માસુમ બાળકીની જટીલ સર્જરી કરી જીવ બચાવી લીધો હતો.

### કોરોના મહામારીમાં પણ નિકુલ પટેલે હજારો લોકોની મદદ કરી છે

કોરોના મહામારી માં લોકો એક બીજાથી દૂર ભાગી રહ્યા હતા તેવામાં નિકુલ પટેલ દ્વારા અનેક લોકોને હોસ્પિટલમાં બેડ,ઑક્સિજન,ઈન્જેકશન સહિત જરૂરી દવાઓ આપવી અનેક લોકોને મદદ કરી જીવ બચાવ્યા છે જેને લઈને તત્કાલીન મુખ્ય મંત્રી વિજય રૂપાણી અને પૂર્વ નાયબ મુખ્યમંત્રી નિતિન પટેલ દ્વારા તેમને એવોર્ડ આપી સન્માન પણ કરવામાં આવ્યું હતુ

# બાયડ તાલુકા સરપંચ એસોસિએશનમાં ઉભા ફાડીયા જેવી સ્થિતિ સર્જાઈ...

## ભાજપનો જુથવાદ ભાજપને ભારે પડશે, સરપંચ પતિનો આક્ષેપ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૭

તાજેતરમાં બાયડ તાલુકા સરપંચ એસોસિએશનના પ્રમુખની વરણીમાં ભાજપના કેટલાંક આગેવાનો ઉપસ્થિત રહ્યા પછી સરપંચ અસોસિએશનમાં ઉભા ફાડીયા જેવી સ્થિતિ સામે આવી છે. નારાજ થયેલ અન્ય જુથે ૪૦ જેટલા સરપંચોની બેઠક બોલાવી તડાફડીના સંકેત આપ્યા છે. તે જોતાં ભાજપનો જુથવાદ ભાજપને ભારે પડે તેવી દહેશત ઉભી થઈ છે. સરપંચના પતિએ આક્ષેપ કર્યો છે કે મારી જોડે દગો કરવામાં આવ્યો છે અને આ અંગે જિલ્લા સંગઠન પ્રમુખનું ધ્યાન પણ દોર્યું છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર વિધાનસભાની ચુંટણી નજીક આવતા જિલ્લાની પ્રયોગશાળા ગણાતા બાયડ તાલુકામાં ચોકઠા ગોઠવાઈ જવાની શરૂઆત થઈ છે. તાજેતરમાં જ તાલુકાની ૪૯ ગ્રામપંચાયતોની સામાન્ય ચુંટણીના પરીણામો જાહેર થયા પછી મોટાભાગના સરપંચો ભાજપ તરફી હોવાનું ચિત્ર સામે આવતા આગામી વિધાનસભા ચુંટણીમાં બાયડ બેઠક ઉપર ભાજપનો વિજય થાય તેવું ગણિત મુકવાની શરૂઆત થઈ. બાયડ તાલુકા સરપંચ ઓસોસિએશનના પ્રમુખ માટે બેઠક યોજવામાં આવી જેમાં તાલુકા ભાજપ સંગઠનના આગેવાનોની ઉપસ્થિતિમાં લાંક ગ્રામપંચાયતા સરપંચને તાલુકા સરપંચ એસોસિએશનના પ્રમુખ તરીકે જાહેર કરવામાં આવ્યા અને ત્યાર પછી સરપંચ એસોસિએશનમાં ભડકા જેવી સ્થિતિ સામે આવી છે. છેલ્લી ઘડી સુધી ડેમાઈ ગ્રામ પંચાયતના મહિલા સરપંચ હેમલતાબેન રમેશભાઈ ઠાકોરને પ્રમુખ બનાવવાનું નક્કી હતું પરંતુ છેલ્લી ઘડીએ કોઈના ઈશારે ગેઈમ કરી નાખતા લાંક પંચાયતના સરપંચ ગાયત્રીબેન ખુમાનસિંહ ઝાલાને તાલુકા સરપંચ એસોસિએશનના પ્રમુખ તરીકે નિયુક્ત કરાતા હવે ભડકા જેવી સ્થિતિ સામે આવી છે. ભાજપના કેટલાંક આગેવાનોએ કોના ઈશારે આ ખેલ પાડ્યો તેનુ પોસ્ટમોર્ટમ શરૂ થઈ ગયું છે. જ્યારે સરપંચ એસોસિએશનના પ્રમુખ પદ માટેના પ્રબળ દાવેદાર ડેમાઈ ગ્રામપંચાયત સરપંચ હેમલતાબેન ઠાકોર સાથે ૪૦ સરપંચોનું જુથબળ હોવાનું બહાર આવતા આગામી બે દિવસમાં સરપંચ એસોસિએશના પ્રમુખ પદ તરીકે તેમનું નામ જાહેર થશે એ સાથે જ ભાજપમાં જુથવાદ વકરશે તેવી દહેશત સેવાય છે. ડેમાઈ ગ્રામપંચાયત સરપંચના પતિએ આરોપ લગાવ્યો કે મારી સાથે દગો થયો છે. મને સરપંચ એસોસિએશના પ્રમુખ બનાવવાનું વચન આપવામાં આવ્યું હતું. બાયડ તાલુકામાં જુથવાદ પોષતા આગેવાનો વિરૂદ્ધ જિલ્લા તેમજ પ્રદેશ કક્ષાએ ટુંકમાંજ રજુઆત થશે તેવું જાણવા મળ્યું છે. પ્રદેશ નેતાગીરીએ પણ બાયડ વિધાનસભા મતક્ષેત્રમાં ભાજપમાં અંદરો-અંદર જુથવાદ વકરે તે પહેલા ડામી દેવો જોઈએ નહિતર ભાજપને મોટું નુકસાન થઈ શકે છે.



ગુજરાત પંચાયત પસંદગી મંડળ ગાંધીનગર દ્વારા પંચાયત સેવા વર્ગ- ઉના અધિક મદદનીશ ઈજનેર(સિવિલ) માટેની સીધી ભરતી અંગેની જાહેરાતમાં સિવિલ ડિપ્લોમાની લાયકાત ધરાવતા ઉમેદવારો જ અરજીપાત્ર કરવામાં આવેલ જોતા સ્નાતકની પડવી ધરાવનાર ઉપરોકત જગ્યા માટે પોતાની ઉમેદવારી નોંધાઇ શકે તેન ન હોવાનું ફલિત થતા જેથી સિવિલ ઈજનેરની સ્નાતક પદવી ધરાવતા ઉમેદવારોને અન્યાય થાય છે જ્યારે ડિપ્લોમા ની પદવી ધરાવનાર પૈકી મોટા ભાગના ઉમેદવારો સ્નાતકની પદવી ધરાવતા હોય છે જેથી ઉમેદવારો એ સીધેસીધી સ્નાતકની પદવી મેળવી છે તેવા ઉમેદવારો તા.૩ માર્ચ ૨ ૨ ના રોજ બહાર પાડેલ જાહેરાતની શૈક્ષણિક લાયકાતમાં ફેરફાર કરી વંચિત ન રહે તે માટે આજરોજ ૨વ અરવલ્લી જિલ્લાના ઉમેદવારો એ જિલ્લા સેવા સદન ખાતે પહોચી કલેકટર નરેન્દ્ર કુમાર મીના વતી અધિક કલેકટર નને આવેદનપત્ર આપી માંગ સંતોષવા આવેદનપત્ર આપી રજુઆત કરી હતી.

# દિવ્યાંગોના ખેલ મહાકુંભ માટેના ફોર્મ ભરવા અને ટી.બી જાગૃતતાનો કાર્યક્રમ યોજાયો

ધનસુરા,તા. ૭

અરવલ્લી ફિઝિકલી હેન્ડીકેપ્ડ વેલફેર મંડળ દ્વારા દિવ્યાંગોના ખેલ મહાકુંભ માટેના ઓફલાઈન ફોર્મ ભરવા અને ટી.બી જાગૃતતા નો



કાર્યક્રમ યોજાયો હતો.આ કાર્યક્રમ ધનસુરા તાલુકાના મગનપુરા પાસે આવેલ જલારામ બાપાજી ના મંદિર ખાતે યોજાયો હતો જેમાં દિવ્યાંગોના ખેલ મહાકુંભના ઓફલાઈન ફોર્મ ભરવાનું અને ટી.બી મુક્ત અભિયાન અંતર્ગત ટી.બી જાગૃતતા નો પણ કાર્યક્રમ યોજાયો હતો.ધનસુરા આરોગ્ય કેન્દ્ર માંથી હાજર રહેલ કીર્તન ભાઈ પટેલે ટી.બી જાગૃતતા કાર્યક્રમને લઈને વિસ્તૃત માહિતી આપી હતી કાર્યક્રમ માં વિનોદચંદ્ર પટેલ, કરશનભાઈ પટેલ, પુષ્પાબેન પટેલ, વિજયભાઈ રાણા અને મોટી સંખ્યા માં દિવ્યાંગ ભાઈ બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

## ડીસા માર્કેટયાર્ડ નજીકથી વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો

ડીસા, તા, ૭

ડીસા શહેર દક્ષિણ પોલીસના સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીગ દરમિયાન એલસીબી પોલીસે ભારતીય બનાવટનો વિદેશી દારૂ તેમજ કાર સહિત ૩,૬૧,૭૪૫ ના મુદ્દામાલ સાથે બે ઈસમોને પકડી પાડવામાં આવ્યા છે.

એલસીબી પોલીસ પાલનપુરના એ.એસ.આઈ. યશવંતસિંહ તથા હેડ. કોન્સ. દિલીપસિંહ તથા પો.કોન્સ નિશાંત, જોરાવરસિંહ, ગજેન્દ્રદાન, લક્ષ્મણસિંહ વગેરે ડીસા શહેર દક્ષિણ પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન અ. હેડ. કોન્સ. દિલીપસિંહને બાતમી મળેલ કે બટાકા સર્કલ તરફથી એક સ્વિફ્ટ ગાડી (નં. જી. જે.૧૨ બીઆર-૨૨૩૪) માં ભારતીય બનાવટનો વિદેશી દારૂ ભરી પાટણ તરફ જનાર છે જે બાતમી આધારે બટાકા સર્કલ પાસે વોચમાં હતા તે દરમિયાન બાતમીવાળી ગાડી આવતા પીછો કરી એસ.વી. પ્લાઝાની સામે સ્વિફ્ટ ગાડી પકડી પાડી ગાડીમાં જોતાં ભારતીય બનાવટનો વિદેશી દારૂની બોટલ નંગ-૭૧૫ (કી.રૂ.૧,૫૧,૨૪૫ ) તથા મોબાઈલ નંગ-૩ ( કી.રૂ.૧૦,૫૦૦) સ્વિફ્ટ ગાડી (કી.રૂ.૨,૦૦,૦૦૦/-) એમ કુલ રૂ.૩,૬૧,૭૪૫ /- ના મુદ્દામાલ સાથે મળી આવતાં ગાડી ચાલક અર્જુનરામ મેવારામ રબારી (રહે- ગોલાસણ તાલુકો સાંચોર જિલ્લો ઝાલોર રાજસ્થાન) તથા માલારામ સુઝાનરામજી રબારી ( રહે પહાડપુર તાલુકો સાંચોર જિલ્લા જાલોર) તથા દારુ ભરાવનાર રફીક સાચોર (રહે- હડેતર) તથા મોહનભાઈ રબારી (રહે સાચોર) વિરુદ્ધ પ્રોહીબીશન એક્ટ મુજબ ડીસા શહેર દક્ષિણ પોલીસ સ્ટેશને કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

## ધનસુરા તાલુકા ભાજપ યુવા મોરચાના પ્રમુખ તરીકે દુષ્યંત પટેલની વરણી



ધનસુરા, તા. ૭

ધનસુરા તાલુકા ભાજપ યુવા મોરચાના પ્રમુખ તરીકે દુષ્યંત પટેલની વરણી કરાઈ હતી.ગુજરાત પ્રદેશ ભાજપ યુવા મોરચા ના પ્રમુખ પ્રશાંતભાઈ કોરાટ ની ઉપસ્થિતિ માં તેમની નિમણુક કરવામાં આવી હતી. પ્રશાંત કોરાટ એ તેમને ખેસ પહેરાવી અભિનંદન પાઠવ્યા હતા. અરવલ્લી જિલ્લા ભાજપ પ્રમુખ રાજેન્દ્રભાઈ પટેલ, અરવલ્લી જિલ્લા પંચાયત ના બાંધકામ સમિતિ ના ચેરમેન હિરેન પટેલ, અરવલ્લી યુવા મોરચા ના પ્રમુખ અમિષ પટેલ,યુવા મોરચા ના પ્રભારી વિજેશભાઈ, મહામંત્રી અવધેશ પટેલ, સચિન બરંડા સૌ ના માર્ગદર્શન હેઠળ પ્રશાંત કોરાટ ની ઉપસ્થિતિ માં તેમને ખેસ પહેરાવવામાં આવ્યો હતો. તેમને સહુ નો આભાર માન્યો હતો.

## ભિલોડા શાંતિનગર સોસાયટીમાં આંગણે પાર્ક કરેલ બોલેરો જીપ અજાણ્યા તસ્કરો ચોરી કરી પલાયન

ભિલોડા,તા.૦૭

તસ્કરો પોલીસનો ડર રાખ્યા વગર બિન્દાસપણે ચોરીનો આસાની થી અંજામ આપતા હોય ત્યારે વેપારીઓ અને પ્રજાજનોમાં ભારે ફફડાટ ફેલાયો છે. અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા મથક ખાતે છેલ્લા ધણા સમયથી ચોરીઓનો ઉપદ્રવ વધતા પ્રજાજનોમાં ભારે ફફડાટ ફેલાયો છે પરંતુ અત્રે ઉલ્લેખનીય છે કે પોલીસ દ્વારા નાઈટ પેટ્રોલિંગ વધારવાની તાતી જરૂરિયાત છે.

પોલીસ સ્ટેશન પી.એસ.આઈ , એમ. જી. વસાવાએ જણાવ્યું હતું કે , અરવિંદભાઈ ગોપાલભાઈ પટેલ, રહેવાસી . શાંતિનગર , નારસોલી રોડ , ભિલોડા (લેબર કોન્ટ્રાક્ટર) ના ધર આંગણે જાહેર રસ્તાની બાજુમાં પાર્ક કરેલ મહિન્દ્રા બોલેરો જીપ નંબર. G.J. 09. AG. 9181 જેની અંદાજીત કિંમત રૂપિયા . ૨,૫૦,૦૦૦=૦૦ છે. બોલેરો જીપની ડોર લોક કરીને પાર્ક કરેલ જીપ અજાણ્યા તસ્કરો મધ્ય રાત્રે ચોરી કરીને પલાયન થઈ ગયા હતા. અરવિંદભાઈ ગોપાલભાઈ પટેલએ બોલેરો જીપની ચોરી સંદર્ભે પોલીસ સ્ટેશનમાં અજાણ્યા તસ્કરો વિરૂદ્ધ ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# સરકારી નોકરી અપાવવાના બહાને લોકો પાસેથી પૈસા પડાવવાના કારસ્તાનનો પર્દાફાશ

## યુવકને નોકરીનું સેટીંગ કરી આપવાના બહાને પાંચ લાખ પડાવનાર બે શખ્સો ઝબ્બે

પાલનપુર તા.૭

સરકારની વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષા ઓમાં સેટીંગ થી પાસ કરાવી આપવાની લાલચ બેરોજગારોને ફસાવી તેમના પાસે થી પૈસા પડાવતી ગેંગ નો પાલનપુર પોલીસે પર્દાફાશ કરી નોકરીના બહાને લોકોની છેતરપિંડી આચરતા ચાર પૈકીના બે ઈસમોને ઝડપી પાડવામાં આવ્યા છે જોકે એક ઇસમે અગાઉ ની પણ પરીક્ષાઓમાં લોકોની છેતરપિંડી કરી હોવાનું બહાર આવ્યું છે. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, એક વર્ષ અગાઉ બનાસકાંઠા જિલ્લા માં સરકારની બિન સચિવાલયની પરીક્ષામાં પાસ કરવાના નામે અને ખોટા કોલ લેટરો બનાવી નોકરી આપવાના નામે એક



આખી ટોળકી સામે ગુનો દાખલ થયો હતો જે બાદ ધાનેરા તાલુકાના છીંડીવાડા ગામના ભરત વાસ્તાભાઈ ચૌધરીએ હાલ પાલનપુર રહેતા અને મૂળ થરાદ તાલુકાના મહેન્દ્રસિંહ સ્વરૂપાભાઈ પઢીયારને સરકારી નોકરીમાં સેટીંગથી પરીક્ષામાં પાસ કરી આપવાના બહાને પાંચ લાખની ઠગાઈ કરી હતી. જેની જાણ પાલનપુર પશ્ચિમ પોલીસ ને થતા પોલીસે અગાઉ સ્પર્ધાત્મક પરીક્ષાઓમા લોકોની છેતરપીંડી કરવાના ગુના માં સંડોવાયેલા પાલનપુર તાલુકાના કીર્તિ બાબુભાઈ પરમાર અને ભરત વાસ્તાભાઈ ચૌધરી રહે વીંછીવાડા તા.ધાનેરા વાળાને ઝડપી પાડયા હતા જોકે નોકરીના બહાને લોકોની છેતરપીંડી કરતા કુલ ચાર ઈસમો સામે ગુના દાખલ કરવામાં આવ્યો છે અને ફરાર બે આરોપીને ઝડપી લેવાના ચક્રોગતિમાન કર્યા છે.

# અરવલ્લી જિલ્લામાં આંગણવાડીની દીવાલો પર દોરાયેલા ચિત્રોનું બાળકોમાં આકર્ષણ

બાયડ તા.૭

મહાત્મા ગાંધી નરેગા અને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા અરવલ્લી જિલ્લામાં આંગણવાડીઓને પહેલાના કરતા વધારે સારી અને બાળકો આંગણવાડી તરફ પોતાનું ધ્યાન કેન્દ્રિત કરે બાળકોનો માનસિક



અને શારીરિક વિકાસ થાય તથા બાળકોમાં સારી ટેવ પડે અને તેમનામાં રહેલી કલા બહાર આવે તેમને પ્રાથમિક અભ્યાસમાં ઉપયોગી થાય તે માટે આંગણવાડીની દીવાલો ઉપર રચનાત્મક ચિત્રો દોરવામાં આવ્યા છે. જેવા કે છોટા-ભીમ,કાલીયા,પક્ષી,ઢીંગલી,જંગલી તેમજ પાલુતું પ્રાણીઓ,પક્ષીઓ અને ફળો, વોશબેસીનની ઉપર હેન્ડ વોશના ચિત્રો બનાવામાં આવ્યા છે.

આ આંગણવાડીઓમાં બાળકોને સારા સેનિટેશન,સારી ગુણવતા ધરાવતો ખોરાક,બાળકોને સારું પોષણ મળી રહે તે માટે સ્વચ્છ રસોડું,અનાજ સંગ્રહ કરવાનો સ્ટોર રૂમ,બેસવાની તથા રમવા માટેની સારી સુવિધા જેવા દરેક પાસનું ધ્યાન રાખીને નવી આંગણવાડીઓનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે.

મનરેગા અંતર્ગત આઈ.સી.ડી.એસ કન્વર્ઝન અને જિલ્લા વિકાસ અધિકારીશ્રીની સુચના અને શિક્ષણ વિભાગના સહકારથી થીમેટીક ચિત્રો અને કલરકામ કરવામાં આવ્યું હતું. જિલ્લામાં ૧૭૪ આંગણવાડીને મંજૂરી આપવામાં આવી છે. જે માંથી ૫૫ આંગણવાડીનું કામ પૂર્ણ થઈ ગયું છે બાકી રહેલી આંગણવાડીનું કામ ટૂંક સમયમાં પૂર્ણ કરવામાં આવશે. તેવું એક અખબારી યાદી દ્વારા જાણવા મળ્યું છે.